હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ

બધી જાતનાં કામ મળતા બંધ થઈ ગયા છે... લાગે છે આપણે આત્મનિર્ભર થઈ જ ગયા...!

લીંબુના ભાવો હજુ બે મહિના દઝાડશે

એક લીંબુ ૧૦ થી ૧૫ રૂ.માં વેચાઈ રહ્યું છે : ૩૦૦ રૂ. કિલો પહોંચી ગયેલા લીંબુના ભાવો હજુ બે મહિના સુધી નીચે આવે તેવી કોઈ સંભાવના નથી

ગાંધીનગર, તા. ૧૩

ઉનાળાની કાળઝાળ ગરમીમાં ઠંડક મેળવવા તથા શક્તિ માટે લીંબુ શરબતની જરૂરીયાત સૌથી વધુ રહે છે ત્યારે લીંબુના ભાવો આસમાનને આંબી રહ્યા છે. લીંબુનો ભાવ છુટક માર્કેટમાં ૩૦૦ રૂ. કીલો સુધી પહોંચી ગયો છે. હજુ બે મહિના તે નીચો આવે તેવી કોઈ સંભાવના નથી.

રસોઈમાં સામાન્ય રીતે ઉપયોગમાં લેવાતા લીંબુનો ભાવ આસમાનને આંબી રહ્યો છે. હજુ મહિના પહેલા ૬૦ થી ૭૦ રૂ. કિલોના ભાવે વેચાતા લીંબુનો ભાવ વધીને ૩૦૦ થી ૪૦૦ રૂ. સુધી પહોંચી ગયો છે. શાકમાર્કેટમાં એક નાનુ લીંબુ ૧૦ થી ૧૫ રૂ.ના ભાવે વેચાઈ રહ્યુ છે. ઉનાળામાં જ લીંબુની ખપત વધુ રહે છે. એવા સમયે જ ભાવો વધતાં વસાહતીઓને ના છૂટકે મોંઘાભાવે લીંબુની ખરીદી કરવી પડી રહી છે.

સમગ્ર દેશમાં લીંબુનો ૪૦ થી ૪૫ ટકા જેટલો સપ્લાય આંધ્રપ્રદેશના ઈલ્લુર માર્કેટમાંથી થાય છે. તિરૂપતિ જિલ્લાના ગુડુર માર્કેટમાંથી લગભગ એટલો જ સપ્લાય કરવામાં આવે છે. સામાન્ય સીઝનમાં અહીં ૨૫ ટ્રક (એક ટ્રકમાં ૨૧ ટન)નો સપ્લાય મેળવાય છે જેનો આખા દેશમાં સપ્લાય કરવામાં આવે છે. જોકે હાલ માંડ માંડ ૫ ટ્રક એટલે કે ૫ ગણો ઓછો સપ્લાય થઈ રહ્યો છે. ગત ડિસેમ્બર માસમાં અહીં થયેલા ભારે વરસાદથી લીંબુનો પાક નિષ્ફળ થતાં આવકમાં ઘટાડો થયો છે. આવક ઘટી છે સામે તેની માંગ વધી છે જેના કારણે ભાવો આટલા ઉંચા ગયા છે. લીંબુની

આવક હજુ વધે તેવી કોઈ સંભાવના નથી. વરસાદ બાદ જ નિયમિત આવક વધતા ભાવો કાબુમાં આવશે.

ભાવો પર કાબુ આવી શકે છે. વરસાદ પડ્યા પછી લીંબુની આવક વધતા ભાવો કાબુમાં આવશે.

ખૂણેખાંચરેથી

- જિલ્લા રોગચાળા નિયંત્રણ અધિકારી તરીકે ડો. મુકેશ પટેલ અને જિલ્લા ક્વોલીટી એસ્યોરન્સના અધિકારી તરીકે ડો. ધર્મેશ પરીખે ચાર્જ સંભાળી લીધેલ છે.
- જિલ્લા પંચાયત પ્રમુખના અંગત મદદનીશ વી.ટી. સોની લાંબી રજા પર જતાં તેમની જગ્યા પર નાયબ ચીટનીસ હિરેન પટેલને ચાર્જ સોંપવામાં આવ્યો છે.
- જિલ્લાના ચેખલારાણી, બોરીસણા ગામમાં વિકાસના કામો માટે ઔડાએ રૂ. ૧૫-૧૫ લાખના કામો સદ્‌ભાવના ફંડમાંથી મંજૂર કર્યા છે.
- કર્ણાટકના રાજ્યપાલશ્રી ગેહલોત ગુજરાતના રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતની મુલાકાતે આવી રહ્યા છે.
- રાજ્યના સ્થાપના દિવસની ઉજવણી પાટણ ખાતે કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.
- શહેરની પાંચ અંગ્રેજી માધ્યમની શાળાઓમાં આગામી શૈક્ષણિક સત્રથી ધો. ૨ ના વર્ગો શરૂ કરવામાં આવશે.
- ગાંધીનગર શહેરમાં પાણીની માંગમાં સતત વધારો આકરા ઉનાળાના પગલે થઈ રહ્યો હોવાથી પાણીનો જથ્થો વધારવા રજુઆત કરવામાં આવી છે.
- જિલ્લામાં વોટર ઓડીટની કામગીરી વાસ્મો દ્વારા આગામી દિવસોમાં હાથ ધરવામાં આવશે.
- સોમવારથી જિલ્લાની સરકારી પ્રા. શાળાઓમાં પરીક્ષાઓ શરૂ થશે.
- સચિવાલયમાં આજે દિવસ દરમ્યાન હેલિપેડ પર હેલિકોપ્ટરની સતત આવન-જાવન જોવા મળી હતી.

શાહપુર સર્કલ પાસેથી ચોરીના એકટીવા સાથે બે શખ્સો ઝડપાયા

ગાંધીનગર,તા.૧૩

ગાંધીનગર શહેરના પ્રવેશ દ્વાર પર આવેલા શાહપુર સર્કલથી બે શખ્સોને નંબર વિનાના ચોરીના એકટીવા સાથે એલસીબી-૨ પોલીસે પકડી પાડયા છે. પોલીસે ગણતરીના દિવસોમાં વાહનચોરીનો ભેદ ઉકેલી નાંખ્યો છે. જયારે બે શખ્સો સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. સુત્રો દ્વારા મળતી વિગત મુજબ એલસીબી-૨ પોલીસના જવાનો શાહપુર સર્કલ પાસે વોચ ગોઠવી વાહનચોરીના ગુના શોધવા માટે કાર્યરત હતા. તે સમયે પોલીસને બાતમી મળી હતી કે બે શખ્સો શંકાસ્પદ નંબર પ્લેટ વિનાનું એકટીવા લઈ શાહપુર બ્રિજ થી શાહપુર સર્કલ તરફ આવી રહ્યા છે. જેથી બ્રિજ તરફથી નંબર વિનાના એકટીવા પર આવી રહેલા બે શખ્સોને પોલીસે પકડી પાડ્યા હતા. પોલીસે તેમનુ નામ પુછતા રવિ નિમ્બારામ પ્રજાપતિ (રહે પટેલ વાસ ચિલોડા પાલી રાજસ્થાન) અને સંપતરાજ સુગ્નારામ પ્રજાપતિ (રહે પાલી રાજસ્થાન) હોવાનું જણાવ્યું હતું. પોલીસે એકટીવાના કાગળો માંગતા ગલ્લા તલ્લા કરવા લાગ્યા હતા. પોલીસે એન્જીન અને ચેસીસ નંબરના આધારે નંબર ચેક કરતા એકટીવાનો નં.જી.જે.૧૮.ડી.કે.-૧૧૬૮ છે. જયારે એકટીવા ચોરી થઈ હોવાની ફરીયાદ ઈન્ફોસીટી પોલીસ મથકે નોંધાઈ છે. એલસીબી પોલીસે રૂ.૩૫ હજારનું એકટીવા અને રૂ.૨૦ હજારને બે મોબાઈલ કબ્જે કરી આગળની તપાસ હાથ ધરી છે.

એલઆરડીની પરીક્ષામાં માર્કસ ઓછા આવવાની ભીતિએ આત્મહત્યા કરવા તત્પર યુવાનને બચાવતી જીવન આસ્થા

ભરતી બોર્ડના અધ્યક્ષે ટ્વીટ કરી જાહેર કરેલી આન્સર કી જોઈને ''પોતાના માર્કસ ઓછા આવશે તેથી આત્મહત્યા કરશે'' તેવું ઉમેદવારે રીટ્વીટ કર્યું હતુ

ગાંધીનગર, તા. ૧૩

છેલ્લાં કેટલાંક સમયથી વિવિધ સરકારી નોકરીઓ માટેની ભરતી પ્રક્રિયાઓમાં લેવાતી સ્પર્ધાત્મક પરીક્ષામાં ઉમેદવારોની સંખ્યા વધતી જાય છે. જેના કારણે સ્પર્ધા તીવ્ર તો બની જ છે, તેમાં કેટલીક પરીક્ષાઓના પેપર ફુટવા સહિતના કૌભાંડોના બનાવો પછી ભરતી પ્રક્રિયામાં વિલંબ પણ થવા પામ્યો છે જેના કારણે યુવા ઉમેદવારોમાં નિરાશાનો માહોલ સર્જાઈ રહ્યા છે. આવા સમયે તાજેતરમાં સફળ રીતે પૂર્ણ થયેલી લોકરક્ષક દળની ભરતી પ્રક્રિયાની લેખિત પરીક્ષામાં ભરતી બોર્ડના અધ્યક્ષે પરીક્ષા પૂર્ણ થયા બાદ જાહેર કરેલી આન્સર કી અનુસાર એક ઉમેદવારને પોતાના માર્કસ અપેક્ષા કરતા ઓછા આવશે તેવો અણસાર આવી જતાં નાસીપાસ થઈને તેણે જીંદગી ટુંકાવવાનો નિર્ણય કર્યો હતો. જોકે આ ઉમેદવારને બચાવી લઈને આત્મહત્યાના માર્ગે ફરી નહીં જવા સમજાવવામાં પોલીસની ''જીવનઆસ્થા'' હેલ્પલાઈનને સફળતા પ્રાપ્ત થઈ છે.

Jeevan Aastha
Helpline
Mental Health Counseling
1800 233 3330
(Toll Free)

લોકરક્ષક ભરતી માટેની લેખીત પરીક્ષા પૂર્ણ થયા બાદ ભરતી બોર્ડ દ્વારા આનસર કી જાહેર કરવામાં આવ્યું હતું. તેમજ ભરતી બોર્ડના અધ્યક્ષ દ્વારા ઉમેદવારોને આનસર કી બાબતે ટ્વીટ કરી ચકાસણી કરવા જણાવવામાં આવ્યું હતું. અધ્યક્ષના ટ્વીટ પર એક ઉમેદવાર દ્વારા રીટ્વીટ કરી પોતે છેલ્લા બે વર્ષથી લોકરક્ષક ભરતી માટે મહેનત કરતા હતા પરંતુ ઉમેદવારે જાતે ચકાસણી કરતા ૪૨ માર્કસ થતા હોય નારાજગી જતાવતા તેમજ પોતે ભરતીમાં નિષ્ફળ થતાં આવતીકાલે આત્મહત્યા કરી લઈશ તેવું ટ્વીટ કર્યુ હતુ. આ ટ્વીટ જોઈને ભરતી બોર્ડ દ્વારા જીવન આસ્થા તેમજ ગાંધીનગર પોલીસને ઉમેદવાર શોધી કાઢવા તથા આત્મહત્યા કરે નહીં તે માટે જરૂરી કાર્યવાહી કરવા જણાવ્યું હતું. ગાંધીનગર પોલીસ દ્વારા સાયબર સેલનો સંપર્ક કરી આ યુવાનના ટ્વીટર એકાઉન્ટ પરથી મોબાઈલ નંબર તથા અન્ય માહિતી મેળવી ઉત્તર ગુજરાતમાં રહેતા આ યુવકને શોધી કાઢી જીવનઆસ્થા હેલ્પલાઈન દ્વારા યુવકનું કાઉન્સેલીંગ કરવામાં આવ્યુ હતુ. તથા ફરી આત્મહત્યાના વિચારો નહી કરવા તથા યુવા નાની ઉંમરના હોઈ સરકારી નોકરી માટે ઘણી બધી તક આવનાર હોય તે માટે તૈયારી કરવા લાગી જવા સમજ આપવામાં આવી હતી. યુવક દ્વારા પણ પોતાની ભુલ બાબતે સ્વીકાર કરી ભવિષ્યમાં આવા વિચારો નહી કરે તેવી ખાત્રી આપવામાં આવતા જીવનઆસ્થા હેલ્પલાઈનના કાઉન્સીલરની સતર્કતા તથા પોલીસ ટેકનીકલ ટીમની કામગીરીથી યુવકને આત્મહત્યા કરતા રોકવામાં સફળતા મળી હતી. જીવનઆસ્થાના લાયઝન અધિકારી પ્રવિણ વલેરાએ જણાવ્યુ હતુ. કે હાલમાં સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી કરતા ઉમેદવારો નાસીપાસ થયેલ યુવાનોના કોલ્સની સંખ્યા વધારે આવે છે જેમાં જીવનઆસ્થા દ્વારા સફળતાપૂર્વક કાઉન્સીલીંગ કરવામાં આવે છે.

સેકટર-૨૬ સેઝ ઝોનમાંથી રૂ.૧ લાખથી વધુની કોપર પાઈપની ચોરી

ગાંધીનગર,તા.૧૩

શહેરના સેકટર-૨૬ સેઝ ઝોનમાં આવેલા પ્લોટ નં.૧૦ ખાતે જેન્ય કંપનીના ચાલુ બાંધકામના બીજા અને ત્રીજા માળે લગાડેલી એસીની રૂ.૧ લાખથી વધુની કિંમતની કોપર પાઈપ ૨૮૦ ફુટ તેમજ કોપર જોઈન્ટ પાઈપ નંગ -૧૦ કિં.૩૦ હજાર મળી કુલ રૂ.૧,૩૪,૦૦૦ ના સામાનની ચોરી થતા સેકટર-૨૧ પોલીસ મથકે ફરીયાદ નોંધાઈ છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ નારણપુરા સોલા રોડ પર રામેશ્વર એપાર્ટમેન્ટ ૭-૭૯ ખાતે રહેતા જીતેન્દ્ર ભરતભાઈ શાહની (ઉં.૩૬) સેકટર-૨૬ જીઆઈડીસી ખાતે આવેલા સેઝ ઝોનમાં પ્લોટ નં.૧૦ ખાતે જેન્ય ડીજીટલ માર્કેટીંગની કંપની આવેલી છે. આ ચાર માળની કંપનીમાં હાલ બીજા તેમજ ત્રીજા માળે ફર્નિચર તેમજ એસી ફીટીંગનું કામ ચાલે છે. પરંતુ બંન્ને માળમાં દરવાજા નખાવેલા ન હોવાથી ખુલ્લી હાલતમાં હતા. ગત તા.૯ ના રોજ બપોરના સુમારે જીતેન્દ્ર શાહ પોતાની કંપનીમાં ગયો હતો તે સમયે કંપનીના એડમીટ વિભાગના નિમેશ ગજજર એ મને કહ્યું કે આપણી કંપનીમાં એસીનુ કામ કરતા સુનિલ પ્રજાપતિ બાકીનું કામ કરતા માટે આવ્યા છે. જયારે તેઓ બીજા અને ત્રીજા માળે ફીટ કરેલા એસીની પાઈપો નહી હોવાનું કહી રહ્યા છે. જયારે કોપરની પાઈપો કોઈ શખ્સ કાંપીને લઈ ગયો છે. ત્યારબાદ ફેકટરી માલિકે પુછપરછ કરતા કેટલી પાઈપની ચોરી થઈ છે તે અંગે એસીવાળા ભાઈને પુછતા તેણે અંદાજીત ૯૫ કિ.ગ્રા. વજનની રૂ.૧ લાખથી વધુની કોપર પાઈપ અને કોપર પાઈપ જોઈન્ટ નંગ-૧૦ મળી કુલ રૂ.૧.૩૪ લાખની એસીની કોપર પાઈપોની ચોરી થતા ફેકટરીના માલિકે એક શકદાર શખ્સ સામે ફરીયાદ નોંધાવી છે.

ગીરો મુકેલા મકાનના કાગળો પર જલધારા સુપર માર્કેટના માલિકે રૂ.૧.૨૦ કરોડની લોન લીધી

લોન ભરપાઈ ન કરતા રૂ.૩ કરોડ થઈ ગયા, મહિલાએ મકાનના રૂ.૧૭ લાખ ચુકવ્યા છતા સુપર માર્કેટના માલિક મહિલાને મકાનના કાગળો આપ્યા ન હતા. સમગ્ર મામલે સેકટર-૭ પોલીસ મથકે ત્રણ શખ્સો સામે ફરીયાદ

ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગર શહેરના સેકટર-૨૧ ખાતે આવેલી જલધારા સુપર માર્કેટના માલિકે રૂ.૧૭ લાખ હાથ ઉછીના આપ્યા હતા. જયારે રૂપીયાની અવેજીમાં ઘર ગીરવે મુકી તેના કાગળો આપ્યા હતા. જયારે હાથ ઉછીના લીધેલા તમામ રૂપીયા ચુકવી દીધા બાદ પણ મકાનના કાગળો આપવામાં જલધારાના માલિક ગલ્લા-તલ્લા કરી રહ્યા હતા. તો બીજીતરફ જલધારા સુપર માર્કેટના માલિક મનોજ ધડુકે ફરીયાદીના મકાનના કાગળો અને ઘર ગીરો મુકી બેંકમાંથી રૂ.૧.૨૦ કરોડની લોન લીધી હતી. ત્યારબાદ આ લોન ભરપાઈ નહી કરતા રૂ.૩ કરોડથી વધુની રકમ થઈ જતા બેંક દ્વારા મકાનની હરાજી માટે કબ્જો લેવાની નોટીસ આવતા મકાન માલિક ત્યકતા મહિલાની હાલત કફોડી બની જવા પામી છે. જયારે બનાવ અંગે સેકટર-૭ પોલીસ મથકે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે. સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ગાંધીનગર શહેરના સેકટર-૩ સી પ્લોટ નં. ૪૮૯-૧ ખાતે રહેતા ૫૮ વર્ષિય રમીલાબેન લવજીભાઈ પરમારના પતિ વર્ષ-૨૦૧૧ માં નર્મદા વિભાગમાં કલાર્ક તરીકે ફરજ બજાવતા હતા. તે સમયે બાળકોના અભ્યાસ અને પૈસાની જરુરીયાત ઉભી થતા લવજીભાઈએ સેકટર-૨૧સ્થિત આવેલ જલધારા સુપર માર્કેટના માલિક મનોજ માવજી ધડુક પાસેથી રૂ.૧૭ લાખ ઉછીના લીધા હતા. જેથી લવજીભાઈએ રૂપીયાની બદલીમાં ઘર ગીરો મુકીને તેમને ઘરના કાગળો આપ્યા હતા. ત્યારે ઘરના કાગળો અને મકાનને બેંકમાં ગીરો મુકીને જલાધારા સુપર માર્કેટના નામથી રૂ.૧.૨૦કરોડની લોન લીધી હતી. જે તે સમયે રૂ.૧૭ લાખ પરત કરતા મકાનના કાગળો પરત કરવાનો પણ સમજુતી કરાર મનોજે કરી આપ્યો હતો. જો કે બિમારીને પગલે લવજીભાઈનું અવસાન થતા મનોજ રૂપીયાની બદલીમાં મકાન લખી આપવા માટે દબાણ કરતો હતો. પરંતુ રમીલાબેને રૂપીયા ચુકવી આપવા માટે બાંહેધરી આપી હતી. તેમ છતા મનોજના ભાગીદાર રસીક વગાસીયા (સેકટર-૨૫ પ્લોટ નં.૧૭૬-૧) અને શરદ પટેલ (પરિમલ એપાર્ટમેન્ટ સેકટર-૭બી ૪-૨૦) પણ રૂપીયા માટે ધમકી આપતા હતા. ત્યારબાદ રમીલાબેને રૂ.૨૦ લાખ ચુકવી દીધા હતા. જેનુ જલધારા સુપર માર્કેટના લેટરપેડ પર લખાણ પણ આપ્યું છે. રમીલાબેને રૂપીયા ચુકવી દીધા બાદ પણ મનોજ ઘરના કાગળો આપી રહ્યો ન હતો. જયારે રમીલાબેનના ઘરે બેંકની નોટીસ આવી હતી. તેમ છતા મનોજે ઘર છોડાવવાની કાર્યવાહી કરી ન હતી. ત્યારે એક અઠવાડીયા અગાઉ કલેકટર કચેરીથી રમિલાબેનના ઘરે નોટીસ આવી જેમાં મનોજ ધડુકે ત્રણ કરોડ રૂપીયા ભરપાઈ નહી કરતા મકાનની હરાજી કરી દેવામાં આવી છે. આ નોટીસ વાંચીને રમીલાબેનની હાલત કફોડી બની જવા પામી છે. આખરે મનોજે આટલી મોટી રકમ ભરવા માટે હાથ અધ્ધર કરી દેતા સમગ્ર મામલે ત્રણ શખ્સો સામે સેકટર-૭ પોલીસ મથકે ફરીયાદ નોંધાઈ છે.

રાંધેજા વિદ્યાપીઠ પાસે ઈકો-બાઈક વચ્ચે અકસ્માત એકનું મૃત્યુ...

ગાંધીનગર, તા.૧૩

ગાંધીનગર નજીક આવેલા રાંધેજા વિદ્યાપીઠ પાસે ઈકો-બાઈક વચ્ચે અકસ્માત સર્જાયો હતો. અકસ્માતમાં બાઈક પર સવાર ત્રણ યુવકો નીચે પટકાતા ઈજાઓ પહોંચી હતી. અકસ્માતમાં ગંભીર ઈજાઓને પગલે એક યુવકનું મૃત્યુ નિપજયું હતું. જયારે બે યુવકોને ઈજા પહોંચી હતી. અકસ્માત બાદ ચાલક ઈકો કાર મુકીને નાસી ગયો હતો. આ મામલે પેથાપુર પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ગાંધીનગર જિલ્લાના કલોલ તાલુકાના છત્રાલ ના વડનગર ગામે રહેતા આશિષ વીરાજી ઠાકોરે નોંધાવેલી ફરીયાદ મુજબ પોતાના કુટુંબના સભ્યો સાથે આશિષ ધાર્મિક બાધા પુરી કરવા માટે પગપાળા વહેલી સવારે નીકળી સાડા દશ વાગ્યાના અરસામાં રાંધેજા ગામે જોગણી માતાજીના મંદિર ખાતે પહોંચી ગયો હતો. જયારે તેના કાકા જલાજી તેમનુ નવું બાઈક લઈને મંદિરે ગયા હતા. ધાર્મિક વિધી પુરી થઈ ગયા બાદ તેમના દિકરા સંજયે તેના પિતા જલાજીને કહ્યું કે બાઈક આપી તેઓ રીક્ષામાં ઘરે આવી જાય. બાદમાં આશિષ સંજય અને અખિલ બાઈક પર ત્રણ સવારી ઘરે જવા માટે નીકળ્યા હતા. તે સમયે સંજય બાઈક ચલાવતો હતો. બપોરના સમયે રાંધેજા વિદ્યાપીઠ માર્ગ પરથી પસાર થઈ રહ્યા હતા તે સમયે રૂપાલ તરફથી પુરઝડપે અને ગફલતભરી રીતે ઈકો નં.જી.જે.૦૬.કે.એચ.-૪૬૦૭ હંકારી સામે આવી રહેલા બાઈક સાથે ધડાકાભેર ટકરાયા હતા. જેથી ત્રણેય યુવકો નીચે પટકાતા ઈજા પહોંચી હતી. જયારે અકસ્માત બાદ ચાલક ઈકો મુકી ફરાર થઈ ગયો હતો. અકસ્માત સ્થળે મોટીસંખ્યામાં ગ્રામજનો એકઠા થઈ ગયા હતા. ત્રણેય ઈજાગ્રસ્ત યુવકોને સારવાર માટે ગાંધીનગર અને ત્યારબાદ વધુ સારવાર માટે અમદાવાદ સિવિલ ખસેડાયા હતા. જયારે સંજયને માથાના ભાગે તેમજ શરીરે ગંભીર ઈજાને પગલે ફરજના પરના ડોકટરે તપાસ કરીને મરણ જાહેર કરેલ છે. જયારે અખિલ અને આશિષને એડમીટ કર્યા છે. પેથાપુર પોલીસે ઈકો ચાલક સામે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

વ્રજેશ મિસ્ત્રીના ગઝલસંગ્રહ 'ઝાંઝવાંની ભીંતો'નો વિમોચન સમારોહ



ગાંધીનગર, તા. ૧૩

શબ્દ અને એચ. કે. આર્ટસ કોલેજ આયોજિત તા. ૧૫-૪-૨૦૨૨, શુક્રવાર સાંજે ૬.૦૦ કલાકે એચ.કે. કોલેજ, આશ્રમ રોડ ખાતે યુવા કવિ વ્રજેશ મિસ્ત્રીના ગઝલ સંગ્રહ 'ઝાંઝવાંની ભીંતો'નું વિમોચન ગુજરાત સાહિત્ય અકાદમીના અધ્યક્ષ પદ્મશ્રી વિષ્ણુ પંડ્યાના વરદ હસ્તે થશે. અતિથિવિશેષ તરીકે જાણીતા શિક્ષણવિદ ડૉ. સુભાષ બ્રહ્મભટ્ટ અને પ્રિ. સુરેશ ચૌધરી ઉપસ્થિત રહેશે.

ડૉ. હર્ષદેવ માધવ, રક્ષા શુક્લ, પ્રતાપસિંહ ડાભી, હરદ્વાર ગોસ્વામી, રમેશ ચૌહાણ, મનીષ પાઠક, જિગર ઠક્કર અને ચિરાગ ત્રિપાઠી કાવ્યપાઠ કરશે. સાહિત્ય રસિકોને જાહેર નિમંત્રણ પાઠવ્યુ હતું.

આજે ડૉ. બાબાસાહેબ આંબેડકરની જન્મજયંતિ

શહેરમાં ડો. બાબાસાહેબની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કાર્યક્રમોનું આયોજન : જીવનભર સમાનતાના માટે સંઘર્ષ કરનાર ડો. ભીમરાવ આંબેડકરને સત સત નમન

ગાંધીનગર, તા. ૧૩

શહેરમાં ડૉ. બાબાસાહેબ આંબેડકરની જન્મજયંતિ નિમિત્તે વિવિધ કાર્યક્રમો થકી તેમની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવશે. ભારતના બંધારણના ઘડવૈયા અને વિશ્વ વિભૂતિ ડૉ. બાબાસાહેબ આંબેડકરની જન્મજયંતિ નિમિત્તે શહેરમાં વિધાનસભાની સામે ઘ-૪ સર્કલ તથા બિરસા મુંડા ભવન અને અન્ય સ્થળોએ ડૉ. બાબાસાહેબ આંબેડકરની જન્મજયંતિ નિમિત્તે પુષ્પાંજલિ અર્પણ કરાશે.

ડૉ. બાબાસાહેબ આંબેડકરે જીવનભર સમાનતા માટે સંઘર્ષ કર્યો હતો. તેથી તેમના જન્મ દિવસને સમાનતા દિવસ તરીકે પણ ઉજવવામાં આવે છે. અને આ દિવસને આંતરરાષ્ટ્રીય સમાનતા દિવસ તરીકે જાહેર કરવાની માંગ સંયુક્ત રાષ્ટ્રમાં કરવામાં આવી હતી.

''અમે છે દરિયો અમને અમારૂ કૌશલ ખબર છે જે તરફ નીકળીશું ત્યાં જ રસ્તો બનાવી લઈશું'' આ પંક્તિ ડૉ. આંબેડકરના જીવન સંઘર્ષનું પ્રતીક છે. પોતાનું આખુ જીવન ભારતનું કલ્યાણ કરવામાં લગાડી દીધું. ખાસ કરીને ભારતના ૮૦ ટકા દલિતો આર્થિકરૂપે શાપિત હતા તેમને અભિશાપથી મુક્ત કરવાનો ડૉ. આંબેડકરના જીવનનો મૂળ મંત્ર હતો. ડૉ. ભીમરાવ બાબાસાહેબ આંબેડકરે

ઈતિહાસમાં સૌ પ્રથમવાર છૂત અને અછૂતની માન્યતા સામે અવાજ ઉઠાવ્યો હતો.

ભારત રત્ન ભીમરાવ આંબેડકરનો જન્મ ૧૪ એપ્રિલ, ૧૮૯૧માં મધ્યપ્રદેશના મહુ ખાતે મહાર પરિવારમાં થયો હતો. માત્ર છ વર્ષની ઉંમરે ભીમરાવે તેમના માતાની છત્રછાયા ગુમાવી દીધી હતી. બાળપણથી જ તેઓ હોંશિયાર હતા. ૧૯૪૬માં જ્યારે વચગાળાની સરકાર રચવાનો નિર્ણય લેવામાં આવ્યો ત્યારે ડૉ. ભીમરાવ આંબેડકર ભારતની બંધારણ સભામાં ચૂંટાયા હતા ત્યારે પહેલીવાર તેમણે તત્કાલીન ભારતના દલિત સમાજના પ્રશ્નોને સરકાર સમક્ષ રજૂ કર્યા હતા. ૧૯૪૭માં ડૉ. ભીમરાવ આંબેડકર ભારતના પ્રથમ કાયદા પ્રધાન બન્યા. તેઓ હિન્દુ ધર્મમાં વ્યાપેલી છૂત અછુતની, દલિતો, મહિલાઓ અને કામદારોના પ્રશ્નોને વાંચા આપી હતી. તેમણે સમાજની નવરચના માટે વર્ષો પહેલા સપનું જોયુ હતું.

૨૦૧૫થી તેમની જન્મજયંતિ નિમિત્તે સમગ્ર ભારતમાં સત્તાવાર જાહેર રજા તરીકે મનાવવામાં આવે છે.

ડૉ. બાબાસાહેબ આંબેડકર વિદેશથી ઈકોનોમિક્સમાં ડોક્ટરેટની ડિગ્રી મેળવનારા પ્રથમ ભારતીય હતા. ડૉ. આંબેડકરને નોબેલ પુરસ્કાર વિજેતા પ્રો. અમર્ત્ય સેન ડૉ. બી.આર. આંબેડકરને અર્થશાસ્ત્રમાં પોતાનો પિતા માનતા હતા. લંડન સ્કૂલ ઓફ ઈકોનોમિક્સમાંથી ડોક્ટર ઓફ સાયન્સ નામની ડિગ્રી પ્રાપ્ત કરનાર બાબાસાહેબ વિશ્વના પ્રથમ અને એક માત્ર વ્યક્તિ છે.

ઈ.સ. ૧૯૫૪માં નેપાળના કાઠમાંડુમાં યોજાયેલી વર્લ્ડ બૌદ્ધ કાઉન્સિલમાં બૌદ્ધ સાધુઓએ ડૉ. બાબાસાહેબ આંબેડકરને બૌદ્ધ ધર્મનું ઉચ્ચત્તમ બિરૂદ બોધિ સત્વ આપ્યું હતું. તેમનું પ્રખ્યાત પુસ્તક ''ધ બુધ્ધ એન્ડ ધ ધર્મ'' એ ભારતીય બુદ્ધોનુ ''શાસ્ત્ર'' છે.

ડૉ. બાબાસાહેબ આંબેડકર ત્રણ મહાન પુરૂષો ભગવાન બુદ્ધ, સંત કબીર અને મહાત્મા ફૂલેને તેમના ગુરૂ માનતા હતા. ડૉ. બાબાસાહેબ આંબેડકરના પુસ્તક ''રૂપિયાની સમસ્યા તેનું મૂળ અને ઉપાય''માં દર્શાવવામાં આવેલ સિદ્ધાંતો આધારિત ભારતીય રિઝર્વ બેન્કની સ્થાપના કરવામાં આવી છે.

ચીફ ઓફ આર્મી સ્ટાફ જનરલ મનોજ મુકુંદ નરવાણેએ રક્ષા શક્તિ યુનિવર્સિટીની મુલાકાત લીધી હતી. તેઓએ ગાંધીજી અને સરદાર પટેલને ડીજીટલ પુષ્પાંજલી અર્પણ કરી હતી અને પુસ્તકનું લોકાર્પણ કર્યુ હતુ.

ગાંધીનગરમાં અબોલ પંખીઓ માટે એબીવીપીનું સેવાકાર્ય

ગાંધીનગર, તા.૧૩

ઉનાળો દિવસેને દિવસે આકરો બની રહ્યો છે જેના કારણે અબોલ પંખીઓને તરસ છીપાવવા પાણી શોધવું મુશ્કેલ બની રહ્યું છે. આ બાબતને અનુલક્ષીને ગાંધીનગર ખાતેની અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદના કાર્યકર્તાઓ દ્વારા પર્યાવરણીય જીવદયાનું સેવાકાર્ય હાથ ધરવામાં આવ્યું હતું. આ સેવાકાર્ય અંતર્ગત ગઈકાલે એબીવીપીના કાર્યકર્તાઓ દ્વારા શહેરમાં વિવિધ શૈક્ષણિક કેમ્પસીસ અને જાહેર સ્થળોએ પક્ષીઓ માટે પાણીના કુંડા લગાવવામાં આવ્યા હતાં. આ સ્થળોમાં સમર્પણ કોલેજ કેમ્પસ, સરકારી વિનયન કોલેજ કેમ્પસ, આઈઆઈટીઈ કેમ્પસ અને કેએસવી કેમ્પસ વગેરેને આવરી લેવાયાં હતા જયાં લગાવવામાં આવેલા કુંડાઓમાં નિયમિત પાણી ભરવાની વ્યવસ્થા પણ તેમણે સુનિશ્ચિત કરી હતી.